# GOVERNMENT BBA COLLEGE (SELF FINANCE)

(Affiliated to Gujarat University)

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road, Maninagar (East),
Ahmedabad-380008 Phone:079-22933660
Website: www.gbbamaninagar.org Email: principalgbba@gmail.com


ક્રમાંક:સબીબીએ/સ્કોલરશીપ નોટીસ/૨૦૨૪/૫૪ તા:૦૮/૧૧/૨૦૨૪

## SC / ST / SEBC (OBC) / PH સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) અંગે સુચના

આથી અત્રેની કોલેજમાં શૈક્ષણિક વર્ષ : 2024-25 માં અભ્યાસ કરતા BBA સેમેસ્ટર :- 1, 3 અને 5ના વિદ્યાર્થીઓને જણાવવાનું કે, જે વિદ્યાર્થીઓએ સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) ના ફોર્મ ભરવાના હોય તે વિદ્યાર્થીઓએ **તા.10/11/2024** સુધીમાં Digital Gujarat ની વેબસાઈટના માધ્યમથી ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે. અત્રેની કોલેજનાં અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જેવા કે, (1) અનુસૂચિત જાતિ(SC), (2) અનુસૂચિત જનજાતિ(ST), (3) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC), અને (4) દિવ્યાંગ(PH) વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત વેબપોર્ટલ પર ઓનલાઇન સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) માટે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે અંગેની તમામ પ્રક્રિયા નીચે આપેલ લિંક પર ક્લિક કરવાથી પ્રાપ્ત થઇ શકે છે.

| ક્રમ | વિગત | લીંક |
|---|---|---|
| 1 | સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) માટે ડીજીટલ ગુજરાત વેબપોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવા માટે | https://www.digitalgujarat.gov.in/CitizenApp/Citizen/CitizenWEBUI/Registration.aspx |

કોલેજના પ્રથમ વર્ષ BBA સેમેસ્ટર :- 1 ના વિદ્યાર્થીઓએ સ્કોલરશીપ (શિષ્યવૃતિ) યોજના માટે **(FRESH)** ફોર્મ ભરવાના રહેશે. જે માટે ડિજિટલ ગુજરાત વેબપોટલ પર ફરજિયાત નવું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. કોલેજના દ્વિતિય તેમજ તૃતીય વર્ષ BBA સેમેસ્ટર :- 3 અને 5 ના વિદ્યાર્થીઓએ ગત વર્ષે 2023-24 માં મેળવેલ શિષ્યવૃતિના ફોર્મને ઓપન કરી **વર્ષ : 2024-25** કરીને **RENEWAL** પર ક્લિક કરી જરૂરી સુધારા સાથે ફરીવાર ફોર્મ સબમિટ કરવાનું રહેશે. પોર્ટલ પર દર્શાવેલ તમામ સૂચનાઓ અને નિયમો ધ્યાનપૂર્વક વાંચી, સમજી રજિસ્ટ્રેશન પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. ઉપરોક્ત લિંક પર ક્લિક કરી, વિદ્યાર્થીઓએ તમામ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી, સમજી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. સ્કોલરશીપનું ફોર્મ **https://www.digitalgujarat.gov.in** **Scholarship Portal** પર, ઓનલાઇન સબમિટ કર્યા બાદ ફોર્મની પ્રિન્ટ અને નીચે મુજબના તમામ જરૂરી ડોકયુમેન્ટ સાથે કોલેજમાં **તા.20/11/2024 થી તા.25/11/2024 સુધીમાં સમય 10:00 AM થી 12:00 PM** કલાક કોલેજ ખાતે **(Room No.-102) માં** જમા કરાવવાના રહેશે. જે અંગેની જવાબદારી વિદ્યાર્થીઓની પોતાની રહેશે. ફોર્મ ભરતી વખતે નીચે જણાવેલ ડોક્યુમેન્ટ ફરજીયાત ઓરીજીનલ અપલોડ કરવાના રહેશે.

| BBA ના વિદ્યાર્થીઓ માટે ડોક્યુમેન્ટ લીસ્ટ (તમામ ડોક્યુમેન્ટ ઓરીજીનલ અપલોડ કરવાના રહેશે.) | |
|---|---|
| 1 | જાતિનું પ્રમાણપત્ર (ફરજીયાત)* |
| 2 | બેંક પાસબુક (ફરજીયાત)* (બેંક ખાતા સાથે ફરજીયાત આધાર નંબર લીંક હોવો જોઇએ) |
| 3 | ફી રસીદ (ચાલુ વર્ષના અભ્યાસક્રમની) - (ફરજીયાત)*<br>❖ (પ્રથમ વર્ષ (First Year) ના વિદ્યાર્થી માટે સેમેસ્ટર – 1 ની ફી રસીદ અપલોડ કરવી)<br>❖ (દ્વિતીય વર્ષ (Second Year) ના વિદ્યાર્થી માટે સેમેસ્ટર – 3 ની ફી રસીદ અપલોડ કરવી)<br>❖ (તૃતીય વર્ષ (Third Year) ના વિદ્યાર્થી માટે સેમેસ્ટર – 5 ની ફી રસીદ અપલોડ કરવી) |
| 4 | આવકનું પ્રમાણપત્ર (ફરજીયાત)* - (પિતા હયાત ન હોય તો પરિવારના કોઈપણ એક સભ્યનો આવકનો દાખલો અપલોડ કરવો. વિદ્યાર્થી પોતાનો આવકનો દાખલો રજુ કરી શકશે નહિ.) |
| 5 | ધોરણ-10 ની માર્કશીટ (ફરજીયાત)* |
| 6 | શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર (ફરજીયાત)* |
| 7 | જો પિતા હયાત ન હોય તો (પિતાના મરણ અંગેનો દાખલો) અપલોડ કરવો - (ફરજીયાત)* |
| 8 | ધોરણ-12 ની માર્કશીટ (ફરજીયાત)* |

| | |
|---|---|
| 9 | છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ (ફરજીયાત)*<br>➢ (દ્વિતીય વર્ષ (Second Year) ના વિદ્યાર્થી માટે સેમેસ્ટર – 1 અને 2 ની માર્કશીટ અપલોડ કરવી)<br>➢ (તૃતીય વર્ષ (Third Year) ના વિદ્યાર્થી માટે સેમેસ્ટર – 3 અને 4 ની માર્કશીટ અપલોડ કરવી) |
| 10 | ગેપ એફીડેવિટ (ફરજીયાત)* - (જો વિદ્યાર્થીને અભ્યાસમાં ગેપ પડેલ હોય તો તેવા વિદ્યાર્થીએ ગેપ એફીડેવિટ અપલોડ કરવાનું રહેશે.) |
| 11 | નોન ક્રિમીલેયર ફક્ત (SEBC) - (ફરજીયાત) |
| 12 | ફ્રીશીપ કાર્ડ (ફક્ત ફ્રીશીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ ફરજીયાત નકલ આપવાની રહેશે.) |
| 13 | કોલેજનું આઇ-કાર્ડ |
| 14 | આધાર કાર્ડ |
| 15 | રેશનકાર્ડ |

**<u>નોધ</u> :-** શૈક્ષણિક વર્ષ : 2024-25 માટે BBA ના વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે નીચે મુજબ બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે.

- કોલેજનું નામ :- **K. K. Shashtri Goverment BBA College (સિલેક્ટ કરવું)***
- Present Class Start Date :- **24/06/2024**
- Present Course Completion Date :- **28/04/2025**
- **<u>ફ્રીશીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) નું ફોર્મ ફરજીયાત ભરવાનું રહશે. .</u>**
- દરેક વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરે ત્યારે વિદ્યાર્થીએ પોતાના જ બેન્ક એકાઉન્ટની વિગતો આપવાની રહેશે તેમજ બેન્ક એકાઉન્ટ ચાલુ હાલતમાં હોવું જોઈએ. **જો વિદ્યાર્થીનું બેન્ક એકાઉન્ટ આધાર નંબર સાથે લિંક ન હોય તો સૌપ્રથમ વિદ્યાર્થીએ બેન્ક એકાઉન્ટ આધાર નંબર સાથે લિંક કરાવવું અને જે વિદ્યાર્થીઓને બેન્ક એકાઉન્ટમાં "DBT ENABLE" ન હોય તેવા વિદ્યાર્થીઓએ ફરજીયાત કરાવવાનું રહેશે, ત્યારબાદ જ ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે.**
- ***<u>રેશનકાર્ડ ની વિગત ઓનલાઇન ફોર્મ ભરતી વખતે અપલોડ કરવાની રહેશે.</u>*** જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવી.
- **<u>દરેક વિદ્યાર્થીએ સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) ફોર્મનો પોતાનો યુઝર આઇ-ડી તેમજ પાસવર્ડ ફરજીયાત પોતાની સાથે રાખવાનો રહેશે.</u>**
- **BBA. ના વિદ્યાર્થીઓ માટે ફી વિગત :-**

| ફી ની વિગત | **પ્રથમ વર્ષ (First Year)** | | **દ્વિતીય વર્ષ (Second Year)** | | **તૃતીય વર્ષ (Third Year)** | |
|---|---|---|---|---|---|---|
| | **કુમાર** | **કન્યા** | **કુમાર** | **કન્યા** | **કુમાર** | **કન્યા** |
| Admission Fee | **0** | **0** | **0** | **0** | **0** | **0** |
| Tution Fees | **14000** | **14000** | **14000** | **14000** | **14000** | **14000** |
| Misc. Fees (Non Refundable Fees) | **2035** | **2035** | **705** | **705** | **705** | **705** |
| Exam Fees | **1350** | **1350** | **1350** | **1350** | **1350** | **1350** |

- ❖ વિદ્યાર્થીએ જે ઓનલાઇન ફોર્મ ભર્યું તેની નકલ તેમજ ઉપર મુજબના ડોક્યુમેન્ટ ની સ્વપ્રમાણિત (દરેક પેજ ઉપર વિદ્યાર્થીએ પોતાની સહી કરવી ફરજીયાત છે.) નકલ સાથે ક્રમ પ્રમાણે રજુ કરવાના રહેશે.
- ❖ **સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ) ફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર ચાલુ હાલતમાં રાખવાનો રહેશે.**

Government B.B.A. College (Self-finance) Ahmedabad

Yogesh Yadav

**(ડૉ. યોગેશ યાદવ)**
**આચાર્ય**
**સરકારી બી.બી.એ.કોલેજ (સ્વ-નિર્ભર)**
**મણિનગર(પૂર્વ), અમદાવાદ**